
Smt. R. K. D. Khanushiya M.Ed College, Palanpur

All Activities Photos(2022-23)

## **Wel Come Ceremony Day- 2022**

| | |
|---|---|
|  |  |
|  |  |
|  |  |

# Rakshabandhan -2022














# Teachers Day ( Date:- 03/09/2022)
















# Study Circle - 5.1 Dr. P. B. Patel & Mr. C. J. Raval ( Date:- 01/04/2022)














# Study Circle - 5.2  Dr. Sudhirbhai Tandel  ( Date:- 30/072022)











**Study Cercal -5.3 Dr. J. L. Barad ( Date:- 27/08/2022)**







# Study Cercal -5.4 Dr. Himanshu Achary ( Date:- 01/10/2022)











# National Seminar ( Date:- 16/10/2022)











# 33RD Youth Festival (H.N.G.U.,Patan) ( Date:- 19-20-21/09/2022)


















# Research Paper Present By Mr. J. V. Patel ( Date:- 01/08/2022)













# Dipavali Celebration (2022)





# Dissertation Viva Voce College ( 2022)
















# Dissertation Viva Voce University (2022)

















# Press Notes (2022)

## અભ્યાસ વર્તુળ શ્રેણી - 5.2 હેઠળ તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું



**પાલનપુર** : બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા શનિવારે અભ્યાસ વર્તુળ શ્રેણી-5.2 હેઠળ સંશોધન ઉપકરણ પસંદગી અને રચના વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન કોલેજના પ્રોફેસર અને હેડ ડો. પિનાક્ષીબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો.સુધીરભાઇ ટંડેલ (એસોસિયેટ પ્રોફેસર, IITE, ગાંધીનગર) હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. કોલેજના આચાર્યા તથા સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વન જીવો | તા. ૨-૦૮-૨૦૨૨ મંગળવાર

## અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૨ હેઠળ તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું.



જનસેતુ પ્રતિનિધી તા.૧

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા તારીખ ૩૦/૦૭/૨૦૨૨ને શનિવારના રોજ અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૨ હેઠળ સંશોધન ઉપકરણ પસંદગી અને રચના વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષીબેન પટેલ હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો.સુધીરભાઈ ટંડેલ (એસોશિયેટ પ્રોફેસર, IITE, ગાંધીનગર) હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. કોલેજના આચાર્યા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૪ હેઠળ તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું.



જનસેતુ,પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા તારીખ ૦૧/૧૦/૨૦૨૨ને શનિવારના રોજ અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૪ હેઠળ શૈક્ષણિક સંશોધન દરખાસ્ત વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુહતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષીબેન પટેલ હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો.હિમાંશુ આચાર્ય (આ.પ્રોફેસર, અંગ્રજી માધ્યમ બી.એડ્. કોલેજ વિદ્યામંદિર, પાલનપુર) હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. કોલેજના આચાર્યા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પાલનપુરમાં સેમિનારમાં ૧૬૯ સંશોધકોએ જોડાયા

પાલનપુર,તા.૧૭

બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત માતૃ એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ અને આર.કે.ડી. ખણુસીયા એમ.એડ્. કોલેજના સંયુક્ત ઉપક્રમે શાળા શિક્ષણમાં અધ્યયન અધ્યાપનનું ભાવિ નવી શિક્ષણ નિતિના સંદર્ભમાં વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ .એક દિવસીય સેમિનારમાં ભારતભરથી કુલ ૧૬૯ સંશોધકોએ ભાગ લીધો હતો .અને કુલ એકસોથી વધારે સંશોધન પેપર રજુ કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં એમ.એડ્. કોલેજના પ્રો એન્ડ હેડના ત્રણ પુસ્તકોનું અને એમ.એડ્. કોલેજના એક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

## આઝાદી કા અમૃત મહોત્સવની કર્ણાવત હાઈસ્કૂલ ખાતે ઉજવણી કરવામાં આવી

By **VYASH SUBHASHCHANDRA** - August 22, 2022

22 ઓગસ્ટ, વાત્સલ્ય દૈનિક સમાચાર, સુભાષભાઈ વ્યાસ પાલનપુર બનાસકાંઠા

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર દ્વારા આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમનું ભવ્ય આયોજન થયું હતું. જેમાં પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, તથા કોલેજના તમામ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના વ્યાયામ શિક્ષકશ્રીઓ, સંગીત શિક્ષકશ્રીઓ તેમજ અન્ય કર્મચારી ગણ એ વિશેષ ફાળો આપ્યો હતો. તમામ સ્ટાફ ગણને સંસ્થાના પ્રમુખશ્રી ઈશ્વરભાઈ કર્ણાવત દ્વારા આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. આજના મુખ્ય મહેમાન આર.એસ.એસ સંસ્થાના વક્તા અશ્વિનભાઈ કડેચા હતા.




## એસ.એસ.ગોવિંદા બી.એડ.કોલેજમાં અભ્યાસ વર્તુળ શ્રેણી હેઠળ તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું



ફોટો | સંજય જોશી

પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ અને માતુશ્રી એસ.એસ. ગોવિંદા બી. એડ્. કોલેજ, પાલનપુર દ્વારા તારીખ ૦૩/૦૨/૨૦૨૩ને શુક્રવારના રોજ અભ્યાસ વર્તુળ શ્રેણી - ૫.૬ હેઠળ સ્ત્રી શિક્ષણ અને કાયદો વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં એમ. એડ્. કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષી બેન પટેલ તથા બી. એડ્. કોલેજના આચાર્યા ડો.છાયાબેન ત્રિવેદી તથા તમામ અધ્યાપકશ્રીઓ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો. બિનલબેન પટેલ (ઈ.આચાર્યા, લો કોલેજ, હિંમતનગર) હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે જિલ્લાની તમામ શિક્ષણ-પ્રશિક્ષણ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. બન્ને કોલેજ ના આચાર્યા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# Press Notes (2022)




## પાલનપુરમાં G20 અંતર્ગત આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઊજવણી કરાઈ



પાલનપુર । પાલનપુરની આર.કે.ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજ અને માતુશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા સોમવારના રોજ G20 અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીની કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ નાથાભાઈ પટેલ, મંત્રી અમરતભાઈ પટેલ, ખજાનચી યશવંતભાઈ પટેલ, કોરોબારી સભ્ય શામળભાઈ પટેલ, એમ.એડ્.કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષીબેન પટેલ તથા બી.એડ્.કોલેજના આચાર્યા ડો.છાયાબેન ત્રિવેદી તથા તમામ અધ્યાપકો હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તથા તજજ્ઞ તરીકે રમીલાબા રાઠોડ (દહેજ પ્રતિબંધક અધિકારી,બ.કાં.), જી.ડી.આહિર (મહિલા પી.આઈ.,પાલનપુર, બ.કાં.), ડો. બ્રિજલબેન પટેલ (ફીજીયોથેરાફિસ્ટ, પાલનપુર) હાજર રહ્યાં હતા.

## G20 અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીની કરવામાં આવી



જનસેતુ,પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજ, અને માતુશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુર દ્વારા તારીખ ૦૬/૦૩/૨૦૨૩ને સોમવારના રોજ ૮૨૦ અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીની કરવામાં આવી હતી. આ કાર્યક્રમ હેઠળ સ્ત્રી યોજનાઓ અને દહેજ પ્રથા, મહિલા સશક્તિકરણ અને મહિલા અધિકારો અને મહિલા સ્વાસ્થ્ય જાગૃતિ વિષય પર તજજ્ઞ દ્વારા વ્યાખ્યાન રાખવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખશ્રી નાથાભાઈ પટેલ, મંત્રીશ્રી અમરતભાઈ પટેલ, ખજાનચીશ્રી યશવંતભાઈ પટેલ, કોરોબારી સભ્ય શામળભાઈ પટેલ, એમ. એડ્. કોલેજના પ્રોફેસર અને હેડ ડૉ.પિનાક્ષીબેન પટેલ તથા બી. એડ્.કોલેજના આચાર્યા ડો.છાયાબેન ત્રિવેદી તથા તમામ અધ્યાપકશ્રીઓ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તથા તજજ્ઞ તરીકે શ્રી રમીલાબા રાઠોડ (દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી ,બ.કા.), શ્રી જી.ડી.આહિર (મહિલા પી.આઈ.,પાલનપુર, બ.કા.) તથા ડો. બ્રિજલબેન પટેલ (ફીજીયોથેરાફિસ્ટ, પાલનપુર) હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં શ્રોતાગણ તરીકે બંને કોલેજના પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. બન્ને કોલેજના આચાર્યા તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## માતુશ્રી એસ. એસ. ગોવિંદા બી. એડ્. કોલેજ, પાલનપુર અને શ્રીમતી આર. કે. ડી. ખણુસિયા એમ. એડ્. કોલેજ પ્રવેશોત્સવ ઊજવાયો



જનસેતુ,પાલનપુરઃ શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત માતુશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્.કોલેજ,પાલનપુર અને શ્રીમતી આર. કે. ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજમાં તારીખ ૨૬/૯/૨૦૨૨ને સોમવારના રોજ પ્રવેશોત્સવ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી ઈશ્વરભાઈ પટેલ અને અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનશ્રી ચંદ્રેશભાઈ ઠાકર હાજર રહ્યાં હતા તેમને નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આશીર્વચન આપી અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાના પ્રમુખશ્રી, બી.એડ્. કોલેજના આચાર્યા ડૉ.છાયાબેન ત્રિવેદી અને એમ.એડ્. કોલેજના હેડ્ એન્ડ પ્રોફેસર ડો. પિનાક્ષીબેન પટેલે તમામ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા તથા તમામ અધ્યાપકોએ નવા વિદ્યાર્થીઓને આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

## તિરુપતિ નજીક બેન્ઝ કાર-ટ્રેક્ટર વચ્ચે અકસ્માત, ટ્રેક્ટરના બે ટુકડા પણ કોઈ જાનહાનિ નહિ

(જી.એન.એસ)તિરુપતિઃ તિરુપતી નજીકના બાયપાસ રોડ પાસે અકસ્માત થયો હતો. બેન્ઝ કાર અને ટ્રેક્ટર વચ્ચે થયેલા અકસ્માતમાં ટ્રેક્ટરના ... એક કેસ પણ નોંધવામાં આવ્યો છે. અકસ્માતના પગલે રોડ પર થોડા સમય માટે ટ્રાફિક પણ જામ થયો હતો. બાદમાં ટ્રેક્ટરને બાજુમાં મુકીને ટ્રાફિકની અવર-

## પાલનપુરની બી.એડ અને એમ. એડ કોલેજમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો




(રખેવાળ ન્યૂઝ) પાલનપુર, તા.૬

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત માતુશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્.કોલેજ,પાલનપુર અને શ્રીમતી આર. કે. ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજમાં તારીખ ૨૬/૯/૨૦૨૨ને સોમવારના રોજ પ્રવેશોત્સવ ઉજવાયો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ અને અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ચંદ્રેશભાઈ ઠાકર હાજર રહ્યાં હતા તેમને નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આશીર્વચન આપી અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાના પ્રમુખ, બી.એડ્. કોલેજના આચાર્યા ડૉ.છાયાબેન ત્રિવેદી અને એમ.એડ્. કોલેજના હેડ એન્ડ પ્રોફેસર ડો. પિનાક્ષીબેન પટેલે તમામ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા તથા તમામ અધ્યાપકઓએ નવા વિદ્યાર્થીઓને આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

## માતૃશ્રી ગોવિંદા બી.એડ. કોલેજમાં યોગ દિવસ ઊજવાયો




પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત માતુશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્.કોલેજ,પાલનપુર અને શ્રીમતી આર. કે. ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજમાં તારીખ ૨૧/૦૩/ ૨૦૨૩ના રોજ યોગ દિવસ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના બી.એડ્. કોલેજના આચાર્યા ડૉ.છાયાબેન ત્રિવેદી અને એમ.એડ્.કોલેજના હેડ્ એન્ડ પ્રોફેસર ડો. પિનાક્ષીબેન પટેલે તમામ અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓને જોડાયા હતાં.

# Press Notes (2022)

## પાલનપુર એમ.એડ. કોલેજમાં શિક્ષક દિન યોજાયો


ફોટો : સંજય જોશી

પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત શ્રીમતી આર. કે. ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા શિક્ષક દિવસ તારીખ ૦૩/૦૯/૨૦૨૧ને શનિવારના રોજ યોજાયો હતો. આ દિવસે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણકાર્ય અને સમગ્ર સંચાલન કરવામાં આવ્યું હતું. કોલેજના હેડ એન્ડ પ્રોફેસર ડૉ. પિનાક્ષીબેન પટેલ તથા સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પાલનપુરની કોલેજમાં એક દિવસીય રાષ્ટ્રીય સંશોધન સેમિનાર યોજાયો



**પાલનપુર** : બનાસકાંઠા કડવા પાટિદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ અને આર. કે. ડી.ખણુસીયા એમ.એડ્. કોલેજના સંયુક્ત ઉપક્રમે રવિવારે શાળા શિક્ષણમાં અધ્યયન અધ્યાપનનું ભાવિ નવી શિક્ષણ નિતિના સંદર્ભમાં એક દિવસીય રાષ્ટ્રિય સેમિનાર યોજાયો હતો. જેના અધ્યક્ષ સ્થાને સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ભારતભરથી કુલ 169 સંશોધકોએ ભાગ લીધો અને 100થી વધારે સંશોધન પેપર રજૂ કરાયા હતાં. સેમિનારના અધ્યક્ષ, કન્વીનર, સહકન્વીનર તથા કમિટિ દ્વારા આયોજન કરાયું હતું, આ પ્રસંગે એમ.એડ્. કોલેજના પ્રો. એન્ડ હેડના ત્રણ પુસ્તકોનું અને એમ.એડ્. કોલેજના એક પુસ્તકનું વિમોચન કરાયું હતું. આ પ્રસંગે ડો. ડી. એ. ઉચાટ (રાજકોટ), ડો. અનિલ અંબાસણા (રાજકોટ), ડો. ડો.ઉષાબેન શારદા (આણંદ),ડો. પિનાક્ષીબેન પટેલ, સહિત કોલેજના આચાર્યો, મંત્રી, ખજાનચી, વહિવટી અધિકારી સહિત જોડાયા હતા.

## એક દિવસીય રાષ્ટ્રીય સંશોધન સેમિનાર યોજાયો

જનસેતુ પ્રતિનિધી તા.૧૭



શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત માતુશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ અને શ્રીમતી આર. કે. ડી.ખણુસીયા એમ.એડ્. કોલેજના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૬/૧૦/૨૦૨૨ને રવિવારના રોજ શાળા શિક્ષણમાં અધ્યયન અધ્યાપનનું ભાવિ નવી શિક્ષણ નિતિના સંદર્ભમાં વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના ઉદ્‌ઘાટન સેશનના અધ્યક્ષ સ્થાને સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ હાજર રહ્યા હતા. ડૉ. ડી. એ. ઉચાટ (નિવૃત, પ્રો એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ) અને ડૉ. અનિલ અંબાસણા (નિવૃત, પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ) મુખ્ય મહેમાન અને ડૉ. ડૉ.ઉષાબેન શારદા (એસો. પ્રો., એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ) અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી, ખજાનચી, વહિવટી અધિકારી, એમ.એડ્. કોલેજના હેડ એન્ડ પ્રોફેસર અને સેમિનારા અધ્યક્ષ ડૉ. પિનાક્ષીબેન પટેલ,બી.એડ્. કોલેજના આચાર્યા ડૉ. છાયાબેન ત્રિવેદી અને અન્ય કોલેજના આચાર્યઓ હાજર રહ્યા હતા. એક દિવસીય આ સેમિનારમાં ભારતભરથી કુલ ૧૬૯ સંશોધકોએ ભાગ લીધો હતો અને કુલ એકસોથી વધારે સંશોધન પેપર રજુ કરવામાં આવ્યા હતાં. સેમિનારના અધ્યક્ષ, કન્વીનર, સહકન્વીનર તથા સેમિનાર કમિટિ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું અને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં એમ.એડ્. કોલેજના પ્રો એન્ડ હેડના ત્રણ પુસ્તકોનું અને એમ.એડ્. કોલેજના એક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

## એશિયાની સૌથી મોટી બનાસ ડેરીની મુલાકાત

ફોટો : સંજય જોશી



પાલનપુર : શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત માતુશ્રી એસ.એસ.ગોવિંદા બી.એડ્. કોલેજ દ્વારા તારીખ ૨૭/૦૭/૨૦૨૨ને બુધવારના રોજ એશિયાની સૌથી મોટી ડેરી બનાસ ડેરીની મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાતમાં કોલેજના ૧૦૦ તાલીમાર્થીઓ તેમજ બી.એડ્. અને એમ.એડ્. કોલેજના પ્રિન્સિપલ અને સમગ્ર અધ્યાપક ગણ જોડાયો હતા. ડેરીના તમામ પ્લાન્ટ જેવા કે આઈસ્ક્રિમ પ્લાન્ટ, પાવડર પ્લાન્ટ, પનીર પ્લાન્ટ, દુધ પેકેજ પ્લાન્ટ અને ચીઝ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ પ્લાન્ટના અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને દરેક ઉત્પાદિત વસ્તુઓની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી અને ડેરીના સમગ્ર સ્ટાફ દ્વારા સહકાર મળ્યો હતો.

02 SANDESH AHMEDABAD FRIDAY 17•03•2023

- રાહુલ ગાંધી

**શિક્ષણ ચિંતન :** 'વ્યાખ્યાન એ શિક્ષણની રુગણ પદ્ધતિ છે.' પાઉલો ફ્રાયર

## શિક્ષક કથાકાર નથી, વ્યાખ્યાન એ શિક્ષણ નથી



**સમુદ્રમંથન**

યાદ રહે વિદ્યાર્થી શીખે છે, શિક્ષક ભણાવે તે તો માત્ર આ શીખવાની પ્રક્રિયામાં માત્ર સહાયક બનવાની ભૂમિકા છે

ડો. વિદ્યુત જોષી

એક સરેરાશ કોલેજનો વર્ગ લો. અધ્યાપક રસતરબોળ બનીને વ્યાખ્યાન આપે છે. કેટલાક ગેરહાજર છે. હાજર છે તેમના કેટલાક રસપૂર્વક સાંભળે છે. સાંભળે છે તેમાંથી કેટલાક સમજે છે. છેવટે પરીક્ષાનો સમય આવતા વિદ્યાર્થીઓ પૂછે છે. 'સર IMP આપોને.' સર જે IMP સવાલો આપે છે તે અંગેની માહિતી કોઈ જૂની નોટ કે પાઠ્યપુસ્તકમાંથી ગોખીને વિદ્યાર્થી પાસ થઈ જાય છે. આવું જ નોકરી માટેની પરીક્ષામાં બને છે. અમુક માહિતી અંગેના સવાલોના બહુવિધ ઉત્તરોમાંથી સાચા ઉત્તરો ગોખીને પરીક્ષાર્થી ઉત્તીર્ણ થઈ જાય છે. હવે ૨૦૧૦માં આઈપીએલમાં કઈ ટીમ ચેમ્પિયન બની હતી તે માહિતી મને બેન્કની નોકરીમાં શું કામમાં આવવાની છે? હવે સમાજ અને શિક્ષણ બદલાઈ રહ્યાં છે. હવે જ્ઞાનસમાજ આવી રહ્યો છે જેમાં જેની પાસે ઉપયોગી જ્ઞાન હશે તેનું મહત્ત્વ વધશે.આ ઉપરાંત નાગરિક તરીકેનું ઘડતર પણ મહત્ત્વનું બનશે. યુનેસ્કોએ ૧૯૯૬માં Learning the Treasure Wthin નામથી એક અહેવાલ આપ્યો. આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ લખેલ અહેવાલમાં શિક્ષણની ઈમારતના ચાર પાયા ગણાવ્યા. (૧) જ્ઞાન (head), (૨) કૌશલ્ય (hand), (૩) ચારિત્ર્ય (heart) અને (૪) અન્ય સાથે રહેતા શીખવું (harmony).. આપણી નવી શિક્ષણનીતિ આ ચાર પાયા પર આધારિત છે.

ઉપર દર્શાવ્યું તેમ આજનું શિક્ષણ માહિતી આપે છે. માહિતીમાં ઉપયોગિતા (કર્મ) ભળે ત્યારે જ્ઞાન બને. આ જ્ઞાનની પ્રક્રિયાને નવી શિક્ષણ નીતિમાં ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ માહિતી પીરસવાનું શિક્ષણ અંગ્રેજો વિનીત શિક્ષણ દ્વારા લાવ્યા. તે પહેલાં આપણી પાઠશાળાઓમાં જ્ઞાન અપાતું અને તેને કર્મ સાથે જોડી દેવાતું. સાંદીપની ઋષિ વિદ્યાર્થીઓને લાકડા વીણવા મોકલતા. ગુરુ દ્રોણ વ્યાખ્યાન પદ્ધતિથી બાણ વિદ્યા નહોતા શીખવતા. ભારતમાં ૨૦૧૪માં Skill Development Report બહાર પડ્યો.આ અહેવાલમાં કહેવાયું કે ઉદ્યોગોને તમારા એવા ઈજનેરો નથી ખપતા જે ફ્રીજ પર સારો નિબંધ લખી શકે. તેમને એવા ઈજનેરો ખપે છે જે ફ્રીજ બનાવી શકે અને રિપેર કરી શકે. આ વાત અન્ય વિદ્યાશાખાઓ માટે પણ એટલી જ સાચી પડે છે.

આથી પાયાનો સવાલ એ થાય કે તો પછી શીખવું એટલે શું? યાદ રહે વિદ્યાર્થી શીખે છે. શિક્ષક ભણાવે તે તો માત્ર આ શીખવાની પ્રક્રિયામાં માત્ર સહાયક બનવાની ભૂમિકા છે. ૧૯૫૫માં બેન્જામિન બ્લૂમે શીખવાની પ્રક્રિયા અથવા તો બોધન પ્રક્રિયા પર સંશોધન કરીને શિક્ષણ પ્રક્રિયાનું વર્ગીકરણ કર્યું. તેને Bloom's Taxonomy કહેવામાં આવે છે. પછી તો શીખવાની પ્રક્રિયાનાં વર્ગીકરણ પર ઘણું સંશોધન થયું અને ૨૦૦૧માં શિક્ષણ પ્રક્રિયા કહેતા બોધન પ્રક્રિયાના છ ક્રમાંકિત અંગો સ્વીકારાયાં.

**૧. યાદ રાખવું. (માહિતી યાદ રાખવી)**

૧.૧ ઓળખવું

૧.૨ પુન: પ્રાપ્ત કરવું (recall)

આજના વિદ્યાર્થીને માહિતી મેળવવા માટે વ્યાખ્યાનો ભરવાની જરૂર નથી. પુસ્તકો, ઈન્ટરનેટ તથા ઢગલાબંધ માહિતીના સંસાધનો ઉપલબ્ધ છે. આજના વિદ્યાર્થી તે જાણે પણ છે. માટે તો માત્ર માહિતી આપતા શિક્ષકોના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય છે.

**૨. સમજવું** (to understand) **મૌખિક**. લિખિત અને ચિત્રિત પ્રત્યાયન સહિત શિક્ષકના પ્રત્યાયનને અર્થ આપવો. યાદ રહે, શિક્ષક તો બધાને સરખું ભણાવે છે. વિદ્યાર્થી પોતાની બોધન ક્ષમતા મુજબ જુદા જુદા અર્થઘટન કરે છે.

**3. અમલ** (applicatiom).આમાં નિર્ણય લેવો તથા અમલમાં મૂકવું બંને આવે. જો શિક્ષકે ફ્રીજ બનાવવાની પ્રક્રિયા ભણાવી તો તેનો અમલ કરી ફ્રીજ બનાવવું. પત્ર લખતા શીખવ્યું તો પત્ર લખી બતાવવો.

**૪. વિશ્લેષણ** (analysis) વિભાજીત ખંડોના સમગ્ર સાથેના સંબંધો તપાસવા. આ વિશ્લેષણની પ્રક્રિયાના ત્રણ અંગો છે.

૪.૧ વિભિન્નીકરણ (differentiation)

૪.૨ સંગઠનીકરણ (organizing) માહિતીને નિશ્ચિત ક્રમમાં ગોઠવવી.

૪.3 ગુણધર્મીકરણ (attributing) માહિતીની પ્રક્રિયા કરીને ચોક્કસ સ્વરૂપ આપવું.

આમ કરવાથી કોઈ પણ સમસ્યાના કારણો જાણી શકાય. ગુજરાત આગળ કેમ અને બિહાર પછાત કેમ તે જાણવા માટે વિશ્લેષણ કરવું પડે.

**૫.મૂલ્યાંકન** (evaluation)

૫.૧ ચકાસણી (checking). શું ગુજરાતની દારૂબંધીની નીતિ સફળ છે?

૫.૨ સમીક્ષા (critiquing). સારાસાર વિવેક, નિરક્ષીર વિવેક.

**૬. સર્જન** (creation)

૬.૧ સર્જનના વિચારોની શરૂઆત (generating)

૬.૨ આયોજન (planning)

૬.3 રજૂઆત (presentation)

આમ શીખવાની પ્રક્રિયા માહિતી મેળવવાથી શરૂ થાય છે અને સર્જન પર આવીને અટકે છે. અને તે દરમિયાન તમામ છ બોધન પ્રક્રિયામાંથી પસાર થાય છે. આ પ્રક્રિયા વિદ્યાર્થીના મગજમાં સ્વાભાવિક રીતે જ થઈ શકે. શિક્ષણ પ્રક્રિયા એટલે કે ભણાવવા દરમિયાન સહાયભૂત બનાવાની ભૂમિકા ભજવવાની હોય છે. એક વાર ગુજરાતી સાહિત્યના અનુસ્નાતક વિદ્યાર્થીઓ સાથેના સંવાદમાં મેં ગુજરાતીના અધ્યાપકને પૂછ્યું. 'તમારા વિદ્યાર્થીઓને કવિતા કરતા શીખવો છો ?' અધ્યાપક ચિડાઈ ગયા. કહે. 'કવિતા તો લોહીનો લય છે. તે અંદરથી ઉપજે. શીખવવાથી કવિતા કરતાં ન આવડે. તે માટે તો સરસ્વતીની કૃપા જોઈએ.' હવે આજની વિદ્યા કહે છે કે ઉદ્યોગ સાહસિકતા હોય, વૈજ્ઞાનિક સંશોધન હોય કે સાહિત્યની સર્જકતા હોય તમામ શીખી શકાય છે. હા. પ્રમાણ ઓછુંવત્તુ હોઈ શકે. પરંતુ શીખવવાથી કવિતા ન આવડે તેવું કંઈ નથી. જો ગુજરાતી સાહિત્ય સાથે એમ.એ. થયેલ વિદ્યાર્થી કવિતા કે નવલકથા ન લખી શકે તો તેણે સાહિત્ય શા માટે ભણવું ? માત્ર સાહિત્ય વાંચવા અને તેને સમજવા માટે સાહિત્યમાં એમ.એ. કરવાની જરૂર નથી.

આપણી નવી શિક્ષણનીતિ આ બોધન પ્રક્રિયાની નોંધ લે છે અને તે મુજબ અભ્યાસક્રમો બનાવવાની શરૂઆત કરવાની કરી દેવામાં આવી છે. તે મુજબ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ત્રણ કે ચાર વર્ષના રહેશે. પ્રથમ વર્ષ ભણશે તેને કૌશલ્યના અભ્યાસક્રમો શીખવવામાં આવશે. એટલે વ્યાખ્યાન નહિ. કૌશલ્ય વિકાસ કાર્યક્રમ જરૂરી બનશે. એક વર્ષ પછી નીકળી જાય તો તેને પ્રમાણપત્ર મળશે. તે કામ કરી શકે તેવું કૌશલ્ય વિકસી જવું જોઈએ. બે વર્ષ કરી નીકળી જાય તેને ડિપ્લોમા મળશે. તેને અમલ ઉપરાંત વિશ્લેષણ કરતા આવડવું જોઈએ. જેથી તે સમસ્યા હલ કરી શકે. ત્રણ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરે તેને સ્નાતક પદવી મળશે. તેનામાં મૂલ્યાંકન ક્ષમતા ખીલેલી હશે. પછી કેટલાક વિદ્યાર્થી ચાર વર્ષના સ્નાતક અભ્યાસક્રમમાં જઈ શકશે. તેમને સ્નાતક-ઓનર્સ પદવી મળશે. તે સંશોધન. તત્ત્વજ્ઞાન. થીમ પેપર વગેરે ભણશે. આવા વિદ્યાર્થી ચાર વર્ષના સ્નાતક અભ્યાસક્રમ પછી સીધા પીએચ.ડી. માં પ્રવેશ મેળવી શકાશે.

હવે મહત્ત્વની વાત એ છે કે નવા અભ્યાસક્રમ બનાવતી વખતે અભ્યાસક્રમના હેતુઓ. નિષ્પત્તિ અને શિક્ષણ પદ્ધતિ વિષે સ્પષ્ટતા કરવાની રહેશે. આ માટે પણ સંસ્થાઓએ પોતાની વ્યાખ્યાન પદ્ધતિમાં ફેરફાર કરવાનો રહેશે. હજી આપણા માનસિક વલણો જૂની વ્યાખ્યાન ઘરેડમાં રહેલા છે. તેથી આ નવી પદ્ધતિ મુજબ અભિમુખતા કેળવવાનું કામ કરવું પડશે. અગાઉ ટ્યૂટોરિયલ પ્રથા. સેમેસ્ટર પ્રથા. સોફ્ટ સ્કિલ પ્રથા. પરીક્ષા સુધારણા વગેરે નવા આયામો અમલમાં લાવવાની કોશિશો થઈ હતી. પરંતુ તે નિષ્ફળ ગઈ. હવે આ નવી શિક્ષણનીતિ કેટલી સફળ બને તે જોવાનું રહે છે.

www.vidyutjoshi.com

# Sem-2 Internship (2022)









**Liberia (2022)**













# Computer Lab (2022)

|  |  |
| --- | --- |
|  |  |
|  |  |

# Social Work ( Date:- 20/10/2022)














# G - 20 International Women Day ( Date:- 06/03/2023)

















**Study Cercal -5.5 Dr. J. K. Joshi ( Date:- 17/12/2022)**














# Study Cercal -5.6 Dr. B. S. Patel ( Date:- 02/02/2023)











